# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

***સંદર્ભ*** :– કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા. ૨૬–૦૫–'૧૬
નો પત્ર ક્રમાંક : પીએસ / સીએચઈ / ૨૦૧૬ / ૧૫૭૦૬–૧૮.

***પરિપત્ર*** :–

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના સંચાલકશ્રીઓ / આચાર્યશ્રીઓને તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરના પત્રની વિગતે શિક્ષણ વિભાગની "કાર્યશિબિર" યોજાયેલ જેમાં માન. મુખ્યમંત્રીશ્રીએ નીચે સૂચવેલ સૂચનો મુજબ કોલેજ ધ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે તેમજ કોલેજ ધ્વારા કરવામાં જે કાર્યવાહી કરવામાં આવે તેનો એકશન પ્લાન તૈયાર કરી કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે, વધુ માહિતી અર્થે સંદર્ભ પત્ર આ સાથે સામેલ રાખેલ છે.

૧) રાજયમાં મોટા પ્રમાણમાં સૈધ્ધાંતિક મૂડી રોકાણ આવશે, અમલીકરણથી રોજગારીની તકો ઉભી થાશે, આથી કોલેજનાં વિદ્યાર્થીઓ માટે દરેક કોલેજમાં કાઉન્સેલીગ સેન્ટર ઉભું કરી, માર્ગદર્શન, અભ્યાસની વ્યવસ્થા કરવી જોઈએ.
૨) રાજયમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો સ્થાપવામાં આવે છે, સરકારની દરેક કોલેજોમાં કૌશલ્ય વર્ધન કેન્દ્ર, કેરિયર કાઉન્સેલીગ સેન્ટર સ્થાપવા જોઈએ, જયાં સરકારના તમામ વિભાગ / પ્રવૃતિઓનાં પુસ્તકો / કોમ્પ્યુટર માહિતી એક રૂમમાં ઉપલબ્ધ રાખવા જેથી કોલેજના વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે.
૩) આર્ટસ / કોમર્સ / સાયન્સ કોલેજોમાં સવારે બે કલાક બાદ વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે વ્યવસ્થા કરી શકાય, શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકલન કરવું તથા વિસ્તારમાં આવતી કંપનીઓ સાથે સઘન સબંધો રાખવા, કયાં પ્રકારના મેન પાવરની જરૂરીયાત છે તેનો અભ્યાસ કરી તે મુજબ અભ્યાસ તાલીમની વ્યવસ્થા કરવી.
૪) જીલ્લા કક્ષાએ કોલેજોનાં ભવનોનો તાલીમ વગેરે માટે ઉપયોગ કરવો.
૫) દરેક કોલેજે એક એક તાલુકાના નોર્મ્સનો આધાર લઈ સરકારશ્રીની વિવિધ યોજનાઓમાં અમલ વગેરે પોતાનાં વિદ્યાર્થીઓ મારફતે સરવે કરાવી, તેનાથી સામાજીક / આર્થિક શું પરિવર્તન આવે છે તેનો અભ્યાસ કરાવી, સરવે રિપોર્ટ તૈયાર કરવો.

કુલસચિવ

***બિડાણ*** :– સંદર્ભ પત્રની નકલ

નં. જોડાણ / ૨ / ૩૯૫ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૨૮ / ૦૫ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
(યોગ્ય કાર્યવાહી કરવા તેમજ તે અંગેનો એકશન પ્લાન મોકલવા અર્થે...)

**નકલ રવાના** :–

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) મદદનીશ કુલસચિવશ્રી, પી. જી. વિભાગ,
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

ક્રમાંક: પીએસ/સીએચઈ/૨૦૧૬/
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક–૧૨, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૨૬–૫–૨૦૧૬.

પ્રતિ
વાઈસ ચાન્સેલરશ્રી/રજીસ્ટ્રારશ્રી,
........................ યુનિવર્સિટી,
..................

વિષય:– તા. ૨૫–૫–૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલ શિક્ષણ વિભાગની "કાર્યશિબિર" માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંબોધનમાં કરેલ સૂચનો.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તા. ૨૫–૫–૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગની "કાર્યશિબિર" યોજાયેલ હતી. માન. મુખ્યમંત્રીશ્રીએ નીચે મુજબના સૂચનો તેઓના પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન કરેલ હતા.

૧. રાજયમાં મોટાં પ્રમાણમાં રોકાણ આવશે. અમલીકરણથી રોજગારીની તકો. આથી કોલેજનાં વિદ્યાર્થીઓ માટે દરેક કોલેજમાં કાઉન્સેલીંગ સેન્ટર ઉભું કરી, માર્ગદર્શન, અભ્યાસની વ્યવસ્થા કરવી જોઈએ. આ માટે તમામ કુલપતિશ્રીઓની મીટીંગ કરવી.

૨. રાજયમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો સ્થાપવામાં આવે છે. સરકારની દરેક કોલેજોમાં કૌશલ્ય વર્ધન કેન્દ્ર, કેરિયર કાઉન્સેલીંગ સેન્ટર સ્થાપવા જોઈએ. જયાં સરકારના તમામ વિભાગ / પ્રવૃત્તિઓનાં પુસ્તકો / કોમ્પ્યુટર માહિતી એક રૂમમાં ઉપલબ્ધ રાખવાં જોઈએ, જેથી કોલેજનાં વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે.

૩. આર્ટસ / કોમર્સ / સાયન્સ કોલેજોમાં સવારે બે કલાક બાદ વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે વ્યવસ્થા કરી શકાય. શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકલન કરવું તથા વિસ્તારમાં આવતી કંપનીઓ સાથે સઘન સબંધો રાખવા જોઈએ. તેમને કયા

પ્રકારના મેન પાવરની જરૂરિયાત છે તેનો અભ્યાસ કરી, તે મુજબ અભ્યાસ તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ.

૪. જિલ્લા કક્ષાએ કોલેજોનાં ભવનોનો તાલીમ વગેરે માટે ઉપયોગ કરવો જોઈએ.

૫. દરેક કોલેજે એક--એક તાલુકાના નોર્મ્સનો આધાર લઈ સરકારશ્રીની વિવિધ યોજનાઓમાં અમલ વગેરે પોતાનાં વિદ્યાર્થીઓ મારફતે સરવે કરાવી, તેનાથી સામાજીક / આર્થિક શું પરિવર્તન આવે છે તેનો અભ્યાસ કરાવી, સરવે રિપોર્ટ તૈયાર કરવો જોઈએ. દા.ત. ગરીબ કલ્યાણ મેળામાં રૂ.૧૨૦૦૦/– કરોડના લાભ કોઈને સીવવાનો સંચો, પશુધન વગેરે લાભો તેની યાદી મેળવી, લાભાર્થીઓનો સંપર્ક કરી, તેમનાં આર્થિક ઉપાર્જનમાં શું વધારો થયો વગેરે અંગે રિપોર્ટ. તેના આધારે તેમની જરૂરીયાત શું છે તે અંગે નિર્ણય કરી શકાય. રાજયની યોજનાઓનો લાભ મેળવી, પરિસ્થિતિ બદલાવ, બાળકોનાં અભ્યાસ વગેરે પરની અસર.

આ સૂચનો સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરવા આપને જણાવવામાં આવે છે. આ બાબતે કરેલ કાર્યવાહીની વિગતો આપના એકશન પ્લાન સાથે અત્રેની કચેરીને દિન--૫ માં મોકલી આપવા વિનંતી છે, જેથી માન.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયને તે વિગતોથી વાકેફ કરી શકાય.

(એ. જે. શાહ)
કમિશ્નર ઉચ્ચ શિક્ષણ

<u>નકલ સવિનય રવાના :</u>

૧. અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, બ્લોક નં.૫/૮, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ માટે.
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી તરફ જાણ માટે.